# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૦ તા.૦૯-૦૮-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ચેસ રમત માટે વિનામૂલ્યે કોચીંગ મેળવવા અર્થે રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૧/૨૦૨૩/૩૭૭૩૮-૮૦૯ તા.૦૯-૦૮-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા આ વર્ષે 'ઈન્ટરનેશનલ ચેસ ડે'ના દિવસે ઓનલાઈન ફ્રી કોચીંગ આપવાનો કાર્યક્રમ જાહેર કરેલ છે. જેમાં ૪ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ ઈન્ટરનેશનલ રેટેડ પ્લેયર દ્વારા વિનામુલ્યે કોચીગ મેળવી શકશે.

ચેસ રમતમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ આ સાથે સામેલ પત્રમાં દર્શાવેલ વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરી ફ્રી કોચીંગ મેળવી શકશે. પ્રત્યેક પ્રતિભાગીને 'ઈ.સર્ટીફિકેટ' આપવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ ચિલ્ડ્રન યુનિ.ના યુટયુબ , ફેસબુક પર અને બાયસેગની વંદેગુજરાત ચેનલ પરથી કરવામાં આવશે.

રજીસ્ટ્રશન માટેની લીંક :- https://web.cugujarat.ac.in/Tournament

ઓનલાઈન રજીસ્ટ્રશનનો સમયગાળો :- ૨૦ જુલાઈ થી ૧૫ મી ઓગષ્ટ

ઓનલાઈન ફ્રી કોચીંગનો સમયગાળો :- ૨૧ મી ઓગષ્ટ થી ૨૫ મી ઓગષ્ટ દરમ્યાન સાંજે ૪-૦૦ થી ૫-૩૦

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૯-૦૮-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા ,સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail –qecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

ભારત 2023 INDIA

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે.સૌ આગળ વધે

પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૧/૨૦૨૩/ ૩૭૭૩૮-૮૦૯ તા.૦૯/૦૮/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી: અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષય: ચેસ રમત માટે વિના મૂલ્યે કોચિંગ મેળવવા માટે રજિસ્ટ્રેશન કરવા બાબત...
સંદર્ભ: ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરનો તારીખ:૦૪/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ચિયુ/ટ્રેનીંગ/૨૦૨૩/૧૭

શ્રીમાન,

આ વર્ષે જૂન માસમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએસન વચ્ચે MoU થયું છે, જે અંતર્ગત આ વર્ષે 'ઇન્ટરનેશનલ ચેસ ડે'ના દિવસે ઓનલાઈન ફ્રી કોચિંગ કાર્યક્રમ જાહેર કર્યો છે, જેમાં ગુજરાતના ૪ થી ૧૮ વર્ષના વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાઈ શકાશે. જે અંતર્ગત ઇન્ટરનેશનલ રેટેડ પ્લેયર દ્વારા વિનામૂલ્યે કોચિંગ આપવામાં આવશે.

ઉપરોક્ત કોચિંગ માટે ઈચ્છા ધરાવનારે પોતાનું રજિસ્ટ્રેશન https://web.cugujarat.ac.in/Tournament ઉપર કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન કરાવનારને લિંક મોકલવામાં આવશે તથા પ્રત્યેક પ્રતિભાગીને 'ઈ સર્ટીફીકેટ' આપવામાં આવશે. કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશે.

**ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની લિંક:** https://web.cugujarat.ac.in/Tournament
**કોણ ભાગ લઇ શકે? :** સરકારી,અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાના વિદ્યાર્થીઓ
**પ્રતિભાગીની ઉંમર:** ૪ થી ૧૮ વર્ષ
**ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેનો સમયગાળો:** ૨૦ જુલાઈ થી ૧૫ ઓગસ્ટ,૨૦૨૩
**ઓનલાઈન ફ્રી કોચિંગનો સમયગાળો:** ૨૧ ઓગસ્ટ થી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન દરરોજ સાંજે ૪:૦૦ થી ૫:૩૦ દરમ્યાન

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના યુટ્યૂબ, ફેસબુક પેજ ઉપર અને બાયસેગની વંદે ગુજરાત ચેનલ ઉપર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં આપના જિલ્લાના વધુમાં વધુ બાળકો જોડાય અને લાભ લે તે માટે આપની કક્ષાએથી યોગ્ય આયોજન કરશો.

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઑફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારું :**

- માન. એસપીડીશ્રી, સમગ્ર શિક્ષા